દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૮ એપ્રિલ, ૨૦૨૬

# આર્ટેમિસ-II મિશન ભવિષ્યના મોટા અવકાશ સાહસો માટેનો પાયો બની રહેશે?

આજથી અડધી સદી કરતા વધુ સમય પહેલા જુલાઇ, ૧૯૬૯માં માણસે ચંદ્રની ધરતી પર સૌપ્રથમ વખત ઉતરાણ કર્યું. ત્યારબાદ બીજા પણ કેટલાક મૂન મિશનો યોજાયા. છેલ્લે ૧૯૭૨માં સમાનવ ચંદ્રયાત્રા થઇ, તે પછી માણસ ચંદ્ર પર કે ચંદ્ર તરફ ગયો નથી. હવે ૫૦ કરતા વધુ વર્ષ પછી ચંદ્રયાત્રા થઇ રહી છે, તેમાં જો કે ચંદ્રની ફક્ત પરિક્રમા જ કરવાની છે. ૬ એપ્રિલે આર્ટેમિસ-૨ મિશનના અવકાશયાત્રીઓ ચંદ્રના ગુરુત્વાકર્ષણના વિસ્તારમાં પ્રવેશી ગયા તે સાથે એક નવો ઇતિહાસ રચાવાની દિશામાં પ્રથમ પગલું ભરાયું. છેલ્લા ૫૩ વર્ષથી અવકાશી સાહસ કરનાર દરેક માનવી અવકાશના એક એવા સાંકડા પટ્ટામાં રહીને કાર્ય કરી રહ્યો છે જે બ્રહ્માંડની વિશાળ સપાટીને માંડ સ્પર્શે છે. પરંતુ ૬ એપ્રિલના રોજ આ સ્થિતિ બદલાઇ ગઇ, જ્યારે આર્ટેમિસ-II ના ચાર અવકાશયાત્રીઓ ચંદ્રના ગુરુત્વાકર્ષણ પ્રભાવ હેઠળના ક્ષેત્રમાં પહોંચ્યા. ડિસેમ્બર ૧૯૭૨ પછી કોઇ પણ માણસ પૃથ્વીની ભ્રમણકક્ષાની બહાર નીકળ્યો નથી. નાસાના આર્ટેમિસ-II મિશને ૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ આ અંતરાલનો અંત લાવ્યો અને ચાર વ્યક્તિઓને ઇતિહાસમાં અત્યાર સુધીના સૌથી દૂરના અવકાશ પ્રવાસ પર લઇ ગયા. આ ચાર અવકાશયાત્રીઓ પૃથ્વીથી ૪,૦૬,૭૭૩ કિલોમીટરના અંતરે પહોંચીને સૌથી લાંબા અંતરના માનવ અવકાશ પ્રવાસનો રેકોર્ડ તોડવા માટે તૈયાર છે. આ અંતર ૧૯૭૦માં એપોલો ૧૩ દ્વારા સ્થાપિત કરવામાં આવેલા રેકોર્ડ કરતા અંદાજે ૨,૫૦૦ કિલોમીટર વધુ છે. એટલે કે આ યાત્રા એ ખરેખર તો માણસજાતની અત્યાર સુધીની સૌથી લાંબી અવકાશયાત્રા બની રહેશે અને તે ભવિષ્યના વધુ મોટા અવકાશ સાહસો માટેનો પાયો પણ બની શકે છે. મંગળવારે આર્ટેમિસના અવકાશયાત્રીઓએ ચંદ્રની પાછળની બાજુની યાત્રા સમાપ્ત કરીને પૃથ્વી તરફ પ્રયાણ શરૂ કરી દીધું છે, તેઓ શુક્રવારે પૃથ્વી પર આવી પહોંચશે.

આર્ટેમિસ-II દરમિયાન રેડિયેશન એક્સપોઝર, સ્પેસક્રાફ્ટ પરફોર્મન્સ અને ઊંડા અવકાશમાં માનવ શરીર વિજ્ઞાન પર એકત્રિત કરવામાં આવેલી દરેક માહિતી સીધી રીતે નાસાના મંગળ પર માનવી મોકલવાના આયોજનમાં મદદરૂપ થશે. આ એક યાત્રા જ નથી પણ એક પૂર્વતૈયારી છે એમ કહેવાય છે. આમાં ભવિષ્યમાં ચંદ્ર પર માણસોને ઉતારવા કે પછી મંગળ પર માણસો મોકલવા માટેની તૈયારીઓ તો થશે જ પણ ભવિષ્યમાં ચંદ્ર પર કે મંગળ પર વસાહત બનાવવી હોય તો તેના માટે પણ ઉપયોગી માહિતી મળી શકશે એમ કહેવાય છે. આવી અવકાશયાત્રાના ટીકાકારો કહે છે કે અફાટ અવકાશમાં ચંદ્ર સુધીની યાત્રા પણ ફક્ત ડેલીએ હાથ મૂકીને પાછા ફરવા જેવી છે જેના માટે જંગી ખર્ચ કરવામાં આવે છે. ખરેખર તો આપણી પૃથ્વી પરના જ ઘણા રહસ્યો હજી પુરા પામી શકાયા નથી તો અવકાશયાત્રાઓના ધખારા કરવાની શી જરૂર છે? પૃથ્વી પરના જ માનવ જીવનને સુધારવાની જરૂર છે. તેમની વાત પણ સાવ નકારી કાઢવા જેવી નથી. પણ માણસની જિજ્ઞાસા વૃતિ તેને અવકાશ કાર્યક્રમો ગોઠવવા પ્રેરે છે અને તે કાર્યક્રમો પણ સાવ નિરર્થક તો નથી જ. જો કે અવકાશ કાર્યક્રમો મર્યાદામાં, લાભાલાભનો વિચાર કરીને, હુંસાતુંસી વિના, વિવિધ દેશો વચ્ચે સહકારી ધોરણે થવા જોઇએ.

## ચાલવાથી



એક જૈન ગુરુ પાસે તેમના બાળપણના ખાસ મિત્ર વર્ષો બાદ આવ્યા. જૈન ગુરુની ખ્યાતિ અને પ્રભાવ જોઇને મિત્રએ પોતાના નાનપણના મિત્રને પ્રણામ કર્યા. જૈનગુરુ હસ્યા અને તેમણે સામે પ્રણામ કર્યા એથી મિત્ર ડરીને બે ડગલા પાછળ ખસી ગયો અને બોલ્યો, 'આ શું કરો છો ?' જૈન ગુરુ હસ્યા અને બોલ્યા, 'તે પ્રણામ કર્યા એટલે મેં પણ પ્રણામ કર્યા...' મિત્રે કહ્યું, 'તમે પ્રખ્યાત ગુરુ છો તમને તો બધા પ્રણામ કરે છે પણ તમે મને શું કામ પ્રણામ કરો છો ??'

જૈન ગુરુએ હસતા હસતા કહ્યું, 'અરે, તું મારો દોસ્ત છે અને દોસ્ત તો આવીને ગળે મળે પણ તે પ્રણામ કર્યા એટલે મેં પણ પ્રણામ કર્યા કે કદાચ હવે દોસ્તને પ્રણામ કરીને મળાતું હશે.' આટલું બોલી જૈન ગુરુ બાળપણના દોસ્તને વ્હાલથી ભેટ્યા.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

મિત્ર ખુશ થઈ ગયા અને પ્રેમથી મિત્રને ભેટ્યા અને કુશળ સમાચાર પૂછ્યા. જૈન ગુરુએ તેમની સાથે પોતાનો મોભો અને જ્ઞાનની વાતો છોડી બાળપણની ઘણી વાતો કરી. મિત્રએ જૈનગુરુને પૂછ્યું, 'આ જ્ઞાન અને આધ્યાત્મના માર્ગ પર તમને સફળતા ઘણી મળી છે, બહુ સારી વાત કહેવાય સફળ થવા તમે શું કર્યું તે મને કહેશો?'

જૈન ગુરુએ કહ્યું, 'દોસ્ત, સફળતાની મને ખબર જ નથી હા આ જ્ઞાન, ત્યાગ અને આધ્યાત્મના માર્ગ પર મને શાંતિ ચોક્કસ મળી છે અને તેનું કારણ એક છે' મિત્રે તરત પૂછ્યું, 'શું કારણ છે ??'

જૈન ગુરુએ ટૂંકો ટચ જવાબ આપ્યો, 'ચાલવાથી ....' મિત્રને નવાઈ લાગી કે જીવનમાં ચાલે તો બધા જ છે તો શું માત્ર ચાલવાથી આટલી બધી ખ્યાતિ, સફળતા અને શાંતિ મળી જાય? તેણે પૂછ્યું, 'એટલે માત્ર ચાલવાથી આટલી ખ્યાતિ મળે?'

જૈન ગુરુ ફરી બોલ્યા, 'ખ્યાતિની મને ખબર નથી પણ મને શાંતિ ચોક્કસ મળી છે અને તે માત્ર ચાલવાથી જ મળી છે. જો જીવનમાં સાચો રસ્તો કયો છે?, સફળતાનો માર્ગ કયો છે?, શાંતિ કઈ રાહ પર મળે? આ રસ્તો વિષે મને નહિ ઘણા લોકોને ખબર હોય છે પણ જેટલાને રસ્તાઓ વિષે ખબર હોય છે તે બધા જ તે રસ્તાઓ પર ચાલતા નથી. અને બહુ જાજુ લોકો તે રસ્તાઓ પર ચાલે છે તેને જીવનમાં અપનાવીને આગળ વધે છે તેઓને ચોક્કસ સફળતા, ખ્યાતિ, શાંતિ મળે જ છે.' જૈન ગુરુએ મિત્રને સાચી સમજ આપી.

# શું ટ્રમ્પ હોર્મુઝ પર ઈરાનનું નિયંત્રણ સમાપ્ત કરી શકે છે?

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**હોર્મુઝ સંકટ: ઈરાનની નાકાબંધી અને ટ્રમ્પની 'નરક' જેવી ચેતવણી, શું હોર્મુઝની સામુદ્રધુની પર ઈરાનનો એકાધિકાર તૂટશે? હોર્મુઝમાં ફસાયેલાં ૨,૦૦૦ જહાજો અને ઈરાનનો અબજો ડોલરનો 'ગેરકાયદે' ટોલ**

યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા હુમલાઓ વચ્ચે ઈરાનના હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાના નિર્ણયથી વૈશ્વિક બજારોમાં વ્યાપક ગભરાટ ફેલાયો છે. આ પગલાએ અનેક દેશોમાં ઊર્જા સંકટને વધુ તીવ્ર બનાવ્યું છે. કારણ કે, આ દરિયાઈ માર્ગ તેલ સમૃદ્ધ પર્સિયન ગલ્ફને બાકીની દુનિયા સાથે જોડે છે. વિશ્વના તેલ અને એલએનજી પુરવઠાનો લગભગ 20થી 25 ટકા હિસ્સો, જે દરરોજ 200થી 210 લાખ બેરલથી વધુ થાય છે, તે આ સાંકડા માર્ગમાંથી પસાર થાય છે.

ઈરાન માત્ર એવા દેશોનાં પસંદગીનાં જહાજોને પસાર થવા દે છે જેની સાથે તે મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પરથી પસાર થવાની મંજૂરી મેળવનાર દેશોમાં ભારત પણ સામેલ છે. ઈરાન તેના દરિયાકાંઠાથી 12 નોટિકલ માઈલના વિસ્તારને તેનું પ્રાદેશિક જળ માને છે. ઈરાને ચેતવણી આપી છે કે તે ચેનલમાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલાં દુશ્મન જહાજોને નિશાન બનાવી શકે છે. તેના જવાબમાં અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાનને 8 એપ્રિલ સુધીમાં હોર્મુઝ ફરીથી ખોલવા અથવા 'નરક'નો સામનો કરવાની ચેતવણી આપી હતી. જો ઈરાન તમામ શિપિંગ માટે હોર્મુઝને ફરીથી ખોલવાની સમયમર્યાદા પૂરી કરવામાં નિષ્ફળ જશે તો ટ્રમ્પે ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલોને નષ્ટ કરવાની ધમકી આપી છે. જો કે, ટ્રમ્પે હોર્મુઝને ફરીથી ખોલવાની સમયમર્યાદા ઘણી વખત લંબાવી છે.

આ પરિસ્થિતિને કારણે હોર્મુઝની સામુદ્રધુનીની બંને બાજુએ ફસાયેલાં જહાજોની લાંબી કતારો લાગી છે, જે તેને ફરીથી ખોલવાની રાહ જોઈ રહ્યા છે. ઈરાનની ધમકીઓ છતાં ન તો અમેરિકા કે નાટો દેશો આ જળમાર્ગને ફરીથી ખોલવા માટે સીધો હસ્તક્ષેપ કરવા અથવા નૌકાદળ મોકલવા તૈયાર છે.

હોર્મુઝ એ વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઊર્જા કોરિડોરમાંનો એક છે. તે સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત, કતાર, કુવૈત, ઈરાક, બહેરીન અને ખુદ ઈરાન જેવા દેશોમાંથી ક્રુડ ઓઈલ અને એલએનજીની નિકાસમાં સુવિધા પૂરી પાડે છે. આ માર્ગ દ્વારા પરિવહન થતી ઊર્જાના મુખ્ય ગ્રાહકોમાં ભારત, ચીન, જાપાન અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. આ દેશો મળીને સામુદ્રધુની દ્વારા મોકલવામાં આવતા કુલ તેલ અને ગેસના લગભગ 69 ટકા હિસ્સો ખરીદે છે. ભારત એકલું આ સાંકડી ચેનલ દ્વારા તેના ક્રુડ ઓઈલના 40 ટકા અને એલએનજીના 54 ટકાથી વધુની આયાત કરે છે.

ઈરાનની નાકાબંધીએ વૈશ્વિક તેલના ભાવમાં તીવ્ર વધારો કર્યો છે અને વિશ્વભરમાં સપ્લાય ચેઈનને ખોરવી નાખી છે. હોર્મુઝ ખાડી અત્યંત સાંકડી છે અને જહાજો આવવા-જવા માટે મર્યાદિત રસ્તામાંથી જ પસાર થાય છે. તેના સૌથી સાંકડા બિંદુએ, દરેક ચેનલ ત્રણ કિલોમીટર કરતાં ઓછી પહોળી છે. જહાજો એકબીજા સાથે અથડાય નહીં તે માટે લેન સેપરેટર્સ મૂકવામાં આવ્યા છે.

કોઈ પણ જહાજ ઈરાનના પ્રાદેશિક જળસીમાની નજીક આવ્યા વિના આ સાંકડા માર્ગમાંથી પસાર થઈ શકતું નથી. આનાથી ઈરાનની જહાજોને ટ્રેક કરવાની અને સંભવિત રીતે નિશાન બનાવવાની ક્ષમતા વધી જાય છે. આ જોખમને કારણે કોઈ પણ કાર્ગો શિપ ઈરાનની મંજૂરી વિના સામુદ્રધુની પાર કરવા તૈયાર નથી. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈરાને કથિત રીતે પૂર્વ મંજૂરી વિના હોર્મુઝમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલાં લગભગ 20 જહાજોને નિશાન બનાવ્યાં છે.

ઈરાને એવું વલણ જાળવી રાખ્યું છે કે માત્ર તેના 'દુશ્મનો અને તેમના સાથીઓ'એ જ જવાબી કાર્યવાહીનો સામનો કરવો પડશે. જો કે, તેણે તે શ્રેણીમાં કયાં રાષ્ટ્રો આવે છે તે સ્પષ્ટ કર્યું નથી. માર્ચમાં માત્ર 138 જહાજો, જેમાં 87 તેલ અને ગેસ ટેન્કરોનો સમાવેશ થાય છે, તે આ માર્ગ પાર કરવામાં સફળ રહ્યાં હતાં. આનો અર્થ એ છે કે, દિવસમાં માંડ 5થી 6 જહાજો પસાર થાય છે, જે સંઘર્ષ વધ્યા પછી ટ્રાફિકમાં અભૂતપૂર્વ 95 ટકાનો ઘટાડો દર્શાવે છે.

તણાવ વધ્યો તે પહેલાં દરરોજ લગભગ 135-140 જહાજો હોર્મુઝ પાર કરતાં હતાં, જે વિશ્વના ક્રુડ સપ્લાયના લગભગ પાંચમા ભાગનું પરિવહન કરતા હતા. આજે લગભગ 2,000 જહાજો સુરક્ષિત માર્ગ માટે હોર્મુઝની નજીકમાં રાહ જોઈ રહ્યાં છે. ઈરાન આ માર્ગ પરથી પસાર થવાનો પ્રયાસ કરતાં જહાજો પર અસામાન્ય રીતે ઊંચા ટ્રાન્ઝિટ શુલ્ક લાદી રહ્યું છે. જહાજોને સુરક્ષિત માર્ગ માટે 20 લાખ ડોલર (લગભગ 16થી 18 કરોડ રૂપિયા) સુધી ચૂકવવા માટે કહેવામાં આવી રહ્યું છે. જો કે, ઈરાને આ દાવાઓને નકારી કાઢ્યા છે. સામાન્ય રીતે વર્ષમાં હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતાં ટેન્કરોની સંખ્યા લગભગ 50,000 હોય છે; દરેક જહાજ માટે 20 લાખ યુએસ ડોલરના ટોલનો અર્થ ઈરાન માટે 100 અબજ યુએસ ડોલરની નવી આવક થાય છે.

તે ગયા વર્ષના ઈરાનના જીડીપીના ચોથા ભાગથી વધુ છે. જો જોવામાં આવે તો એક ખૂબ જ મોટા ક્રુડ કેરિયરમાં લગભગ 20 લાખ બેરલ તેલની સમકક્ષ તેલ લઈ જઈ શકાય છે, 20 લાખ ડોલરનો ટોલ પ્રતિ બેરલ દીઠ આશરે 1 ડોલર જેટલો થાય છે, જે હાલમાં છૂટક બજારમાં આશરે 100 યુએસ ડોલર પ્રતિ બેરલના ભાવે વેચાઈ રહ્યું છે અને જ્યાં નજીકના ભવિષ્યમાં માંગ પુરવઠા કરતાં વધી જવાની શક્યતા છે.

આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ આ ટોલ વસૂલવાનો વિચાર જ ગેરકાયદે છે. કારણ કે, સંયુક્ત રાષ્ટ્ર હોર્મુઝને તમામ ટ્રાફિક માટે ખુલ્લી આંતરરાષ્ટ્રીય સામુદ્રધુની માને છે, પરંતુ ઈરાન આને ટૂંકા ગાળાના આવકના સાધન તરીકે જુએ છે, ભલે પ્રતિબંધો હટાવવાની વાત ચાલતી હોય. યુદ્ધથી થયેલી તબાહીનો અર્થ એ હોઈ શકે કે મોટા પાયે પુનઃનિર્માણની કવાયત કરવી પડશે, જેના માટે કોઈક રીતે ભંડોળ મેળવવું પડશે.

ટ્રમ્પ માટે એક મોટી સમસ્યા અમેરિકામાં પણ પેટ્રોલની કિંમત છે. તે પ્રતિ ગેલન 4-પ્લસ ડોલરને વટાવી ગઈ છે અને 5 ડોલરના આંકડા તરફ આગળ વધી રહી છે.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# વેકેશન વિદ્યાર્થીઓનાં મુક્ત શિક્ષણનો આધાર બને છે

**અવારનવાર**

**ડો.નાનક ભટ્ટ**

**શહેર કે ગામડામાં રહેતું બાળક ભણવા-વાંચવા ટી.વી, સિનેમા જોવા, શેરીમાં રમવા કે પાર્ટીઓમાં જવા ઉપરાંત રોજબરોજનાં જીવનની તાલીમ મેળવે તે જરૂરી બને છે. આમ થવાથી બાળક સ્વાવલંબી બને છે અને પ્રવૃત્તિઓ થકી જ તો વ્યક્તિ અને કુટુંબ માનસિક રીતે તંદુરસ્ત રહે છે!**

જૂના વખતમાં ક્રિડાંગણની પ્રવૃત્તિઓ ધમધમતી. સાંજ પડે એટલે બાળક ૨-૩ કલાક મેદાન વચ્ચે ધમરોળાય, કબડ્ડી, ખો-ખો, લંગડી જેવી ભારતીય રમતોમાં બાળક શરીર સ્વાસ્થ્ય તો પામે સાથોસાથ હિંમત, વિશ્વાસ, સંતુલન, સમુહમાં કામ આટોપવાની પદ્ધતિ વિગેરે શીખે. પણ શહેરીકરણે રમતના મેદાન છીનવી લીધા. હવે તો શાળામાં જે કાંઈ વધારાની તાલીમ મળે તે ખરી, આથી નઈ તાલીમની એક શાળાએ ૧૫ વર્ષનાં બાળકો માટે તેમની શક્તિની મર્યાદામાં રહી ઘરમાં વાળવું, પોતા કરવા, શાક સમારવું, સોય દોરાથી કપડું સાંધવું, બટન ટાંકવાં, ઈલેક્ટ્રિક ફ્યુઝ બાંધવો, નળનું વોશર બદલવું, સાયકલનાં વ્હીલનું પંકચર સાંધવું, બેંકમાં જઈ ચેક ભરવો, તાર કરવો, રેલ્વેની ટીકીટ લેવી, સૂર્યનમસ્કાર જાણવા, રંગકામ કરવું વિગેરે તાલીમો ગોઠવવી. બાળકો શાળા સમય પછી દિવસ દરમિયાન ૨ કલાક મળતા અને અવનવું જાણતાં. આ તાલીમી કાર્યક્રમમાં બાળકોને ખૂબ મજા પડી. સવિશેષ મા-પિતાને પણ પોતાનું બાળક કંઈ ઉપયોગી થવાનું કામ શીખ્યું છે તેનો આનંદ રહ્યો.

શહેર કે ગામડામાં રહેતું બાળક ભણવા-વાંચવા ટી.વી, સિનેમા જોવા, શેરીમાં રમવા કે પાર્ટીઓમાં જવા ઉપરાંત રોજબરોજનાં જીવનની તાલીમ મેળવે તે જરૂરી બને છે. આમ થવાથી બાળક સ્વાવલંબી બને છે અને પ્રવૃત્તિઓ થકી જ તો વ્યક્તિ અને કુટુંબ માનસિક રીતે તંદુરસ્ત રહે છે!!! પરંતુ જીવનશક્તિનાં સ્તોત્ર તરીકે જયારથી પૈસાનું સ્થાન મજબૂત થયું છે ત્યારથી કેટલાક અનર્થો પણ સર્જાયા છે.

પૈસા ન ખર્ચવા પડે તે માટે વાલીઓ બાળકને ઘર કામ, ઈલેક્ટ્રિક કામ, બાગ-બગીચાનું કામ કે પછી વાહન રીપેરનું કામ કરવા સૂચવે છે. પણ આ સંબંધ લાભનો છે. આ ઉપયોગીતાવાદ બીજાઓને સંદર્ભમાં છે. આથી આવી તાલીમ બાળકને નિજાનંદ આપનાર બનતી નથી. બીજી તરફ શહેરોમાં એવા કુટુંબો પણ જોવા મળે છે કે જે ઘરની નાની દીકરી વાસણ ધોતી હોય તો તેને રોકી મા કહેશે, 'તું કામવાળી છે?', પુત્ર પોતાની સાયકલ સાફ કરતો હોય તો બાપ કહેશે, "૨-૫ રૂપિયા માટે તું સમય ન બગાડ'. બાળકોમાં નિજાનંદ અને વિશ્વાસ ઉમેરતા ઈન્દ્રિય શિક્ષણ, સમાજ શિક્ષણના આ પ્રકારના કામોથી બાળકને દૂર રાખવું વ્યાજબી નથી.

ગામડાના વાતાવરણમાં ઉછરતાં બાળકો સંબંધે વાત કરીએ તો આજે ગામડામાં ઉગતા શાકભાજી શહેરોમાં વહેચાણ અર્થે આવી જાય છે. ગામડામાં પશુપાલન થાય છે. પણ દૂધ શહેરની ડેરીમાં વહેંચવા આવી જાય છે. ખેડૂતો તત્કાલ પૈસાની લાલચે પોતાના ઘરે રોટલો, છાશ ને ચટણી ખાઈને ચલાવી લે છે અને શહેરોમાં ખેતીનું ઉત્પાદન મોકલી આપે છે. ગામડામાં બદલાયેલા માર્કેટ સ્ટ્રક્ચરનાં લીધે ગ્રામ બાળકની પ્રથમ ૮ વર્ષની ઉમરમાં તેને પોષક આહારની જે ખામી સહેવી પડે છે તેથી તેનાં બૌદ્ધિક વિકાસને જ ક્ષતિ પહોંચે છે. અમુલ દુધ મંડળીનાં ખેડા જિલ્લાનાં ગામોમાં આ વિગતે થયેલા અભ્યાસમાં કુ-પોષિત માતૃત્વ અને બાળકનાં આંકડા જમીનની સ્થિતિ દર્શાવે છે.

ગામડાનાં બાળકમાં જે હૈયાસુજ છે, આવડત છે, તેથી તદન વિરુદ્ધ બાળકને શહેરીકરણની છાપ ધરાવતા પુસ્તક દ્વારા આપણે શિક્ષિત કરવા માગીએ છીએ. તેથી કરી ગામડામાંથી આજે ઈજનેર, ડૉક્ટરો, વૈજ્ઞાનિકો ઓછાં મળતા થયા છે અને ટી.વી.ની ચેનલો અને મોબાઈલ સ્ક્રીનને આક્રમણ વચ્ચે ગામડાનું બાળક નથી તો ગ્રામીણ રહેતુ કે નથી શહેરી. નવી પેઢીના આવા અધકચરા વિકાસ બાબતે પણ ગંભીરતાથી વિચાર કરવો પડશે.

બાળકની માનસિક્તાને અનુરૂપ શિક્ષણ વ્યવસ્થા ઘડાય તે માટે ક્ષમતાલક્ષી શિક્ષણ, તરંગ ઉલ્લાસ શિક્ષણ, MLL, પ્રેરણાશિક્ષણ તેમ અનેક વિકલ્પો મેદાનમાં ઉતારી બાળકેળવણી ક્ષેત્રે આજકાલ પ્રયોગો ચાલે છે. જે પૈકી કોઈ એકને શ્રેષ્ઠ સાબિત કરવા કરતા બાળક માટે અનુરૂપ શિક્ષણની વાત થાય તો સારું. બાળકનો આનંદ અને વિશ્વાસ વધે તેવું મોજીલું શિક્ષણ અપાય તો સારું. બાળશિક્ષણનાં કાયક્રમો વિચારતા સમયે એ પણ જોવું પડશે કે વર્ષ ૨૦૪૭નો સમય કેવો હશે!! તે સમયે આજનું બાળક યુવક બની ઊભું રહેશે તો તેને શા પરિમાણોથી સજ્જ કરવું પડશે? આજનું શિક્ષણ આવતીકાલનાં રાષ્ટ્રના નિર્માણ માટેનું શિક્ષણ બની રહેશે!!

વિચારની દિશામાં એક પ્રયોગ વડોદરા જિલ્લામાં થયો. ગામ કલાલી અને આસપાસના ૬ ગામોનાં ૧૨૭ બાળકો જીવન શિક્ષણ શિબિરમાં ભાગ લીધો હતો. માસ દરમિયાનનાં શિબિરનો હેતુ ગ્રામ બાળકોને પોતાના રોજિંદા જીવનમાં સંપર્કમાં ન આવતા વિષયોથી પરિચિત કરાવવાનો હતો. આથી તેઓને ચિત્રકામ, કુંભારીકામ, સુથારીકામ, કાગળકામ, ફુલઝાડની ખેતી, સંગીત, નાટક જેવી પ્રવૃત્તિઓ આપવામાં આવેલ. સંસ્થાના પ્રાંગણમાં બાળકો સવારે ૯ થી સાંજે ૫ સુધી પોતાની પસંદગીની પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેતા. ધોરણ ૮ થી ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓ માટેની શિબિરમાં સ્વાસ્થ્ય પ્રત્યે વડીલોનું લક્ષ ખેંચવા પોષક આહારની પણ ખાસ વ્યવસ્થા હતી.

રોજિંદા જીવનમાં જોવામાં આવતી ચીજવસ્તુઓના ઉત્પાદનની પદ્ધતિ શી હોય છે? તે અંગેની વિદ્યાર્થીઓની સહજ કુતુહલવૃત્તિને વિકસાવવા શિબિર દરમિયાન દૂધની ડેરી અને બિસ્કીટ ઉદ્યોગની મુલાકાત પણ ગોઠવવામાં આવી. માહિતીનું સાતત્ય કેળવણી સાથે અનુબંધમાં પલટાય તે માટે બાળકોને એક દિવસ સર્કસ જોવા લઈ જવામાં આવેલા. બાદ બીજા દિવસે બાળકોને ચિત્ર અને માટીકામનાં માધ્યમથી પોતે જોયેલ સર્કસની અનુકૃતિ વ્યક્ત કરવાની તક આપવામાં આવી.

આજે આપણાં ગામડાઓમાં અને શહેરોમાં શિક્ષણનો અર્થ અક્ષરજ્ઞાન પુરતો સીમિત બન્યો છે. આથી સામાજિક પ્રશ્નોના નિરાકરણ માટે શિક્ષણ કામનું રહ્યું નથી. તેવી પ્રતીતિ સાર્વત્રિક છે. આ પ્રકારના અવલોકનોના પરિપેક્ષમાં શિબિરાર્થીઓને સ્વચ્છતા, સમૂહમાં કામ કરવાની પદ્ધતિ, ત્વરિત નિર્ણય લેવાની તાલીમ આપતા કાર્યક્રમો પણ યોજવામાં આવેલ. બાળકો માટે અનુરૂપ કેળવણીની શોધ માટે યોજાયેલ આ પ્રકારનો શિબિર ગુજરાતમાં પ્રથમ વખત યોજાઈ રહ્યો હોવાથી તેના સંચાલન માટે Child Development ના અભ્યાસમાં નિષ્ણાત કાર્યકરને પસંદ કરવામાં આવેલ. જેના પરિણામે બાળકોના વિકાસમાં વડીલોની ભાગીદારી પણ અસરકારી રહી હતી. એક માસ સુધી ચાલેલા શિબિરના અંતભાગે બાળકો દ્વારા તૈયાર થયેલ અવનવી ચીજોનું પ્રદર્શન અને રંગારંગ કાયક્રમ યોજાતો રહ્યો.

'આજનું બાળક આવતીકાલનું નાગરિક છે' તેવું કહેવામાં આવે છે. પણ આવતીકાલના

નાગરિકના ઘડતર માટેની આજ કઈક અંશે દિશાહીન અને પ્રાયોગિક સ્થિતિમાં જેવા મળે છે. ત્યારે શિક્ષણની પ્રક્રિયામાંથી સમાજના પ્રશ્નોનાં નિરાકરણરૂપ અને વિશેષતઃ નવા સમથમાં પડકાર ઝીલી સેવા યુવકો તૈયાર કરવા માટે આપણે શિક્ષણનાં સૈદ્ધાંતિક માળખાની બહાર આવી બાળકને શરીરથી તંદુરસ્ત અને મનથી સ્વસ્થ બનાવે તેવા શિક્ષણને અપનાવવું પડશે. કૌશલ્ય વિકાસની તકનિક સાથે વિદ્યાર્થીને જોડવા પડશે.

શિક્ષણવિચાર દ્વારા નિર્ધારિત પરિણામો મળતાં નથી ત્યારે શિક્ષણકારો માનવીય શિક્ષણની વાતો કરવા સરી પડે છે. પણ ભારતીય સંસ્કૃતિમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલા મૂલ્ય શિક્ષણની વાત કહેવાએલી જ છે. આથી હવે બદલાયેલ સામાજિક માહોલનો સ્વીકાર કરી પદ્ધતિ આધારિત વિકાસના શિક્ષણને વિસ્તારી નવી પેઢીને ઘડવાનું કામ કરવું પડશે અને તો જ આઝાદીનાં શતાબ્દી વરસે નવા ભારતના સર્જન માટે તત્પર થઈ શકીશું.

જરૂર છે શહેર અને ગામડામાં વસતા બાળકોને ખડતલ શરીર અને મજબૂત મનનાં નિર્માણ માટેના સર્જનાત્મક હેતુ સાથે સાંકળવાની અને તે બાળવત્તર કરવા શિક્ષણનો સાધન તરીકે ઉપયોગ કરવાની.

*- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.*

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિવિધ ભારતીકી ગીતમાલા

એક જમાનામાં બિનાકા ગીતમાલાનો કાર્યક્રમ દર બુધવારે આવતો જે બેહદ લોકપ્રિય બની ગયો હતો. છેલ્લા કેટલાક સમયથી એનાથી જરા અલગ પ્રકારનો એક કાર્યક્રમ વિવિધ ભારતીકી ગીતમાલાનો રોજ બપોરે એક વાગ્યે પ્રસારિત થાય છે. રેડિયો વિવિધ ભારતી દ્વારા આ પ્રસારિત કાર્યક્રમની વિશેષતા એ છે કે દેશભરનાં શ્રોતાઓ એમાં ભાગ લે છે. કોઈ એક કલાકારની યાદમાં તો કયારેક અલગ અલગ વિષય પર ચર્ચા થાય છે.આશા, સપના રાત ઔર દિન, બરસાત જેવા અનેક વિષયની એમાં સમય પર નોંધ લેવામાં આવે છે. મુંબઈથી પ્રસારિત થતા કાર્યક્રમમાં શરૂઆતમાં એનાઉન્સર કુલ 8 થી 10 ફિલ્મોનાં નામ જાહેર કરી દે છે. સમજદાર ચતુર શ્રોતાઓ એ ફિલ્મોના નામ પરથી મોબાઈલ દ્વારા પોતાની વોટસપર પ્રતિક્રિયા આપી દે છે. કેટલાંક શ્રોતાઓ ફિલ્મોના નામ પરથી એક સરસ મજાની કવિતા સ્વરૂપમાં કડી બનાવી દે છે. જેમાં કલાકારની કેરિયરની વાતો પણ રજૂ કરે છે. આ એક નોખા અનોખા કાર્યક્રમમાં શ્રોતાઓ ભાગીદાર થાય છે. માત્ર એક કલાકનો કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ રસપ્રદ બની ગયો છે. રેડિયોપ્રેમીઓ જેઓ ઘરમાં રહીને નિવૃત્ત જીવન જીવે છે.એ લોકો સહિત દરેક વર્ગનાં લોકો માટે વિવિધ ભારતીકી ગીતમાલા સારું મનભાવન મનોરંજન પીરસે છે.આ કાર્યક્રમ યાદગાર બની ગયો છે. યુનુસખાન, મમતા સીંઘ જેવા અનેક અનુભવી એનાઉન્સરની મહેનત સફળ થાય છે. કયારેક એક વાર જરૂરથી સાંભળજો.

**સુરત – જગદીશ પાનવાલા**

## સંજુની ચર્ચા

મિત્રો, હાલ સંજુ સેમસનની ચોતરફ વાહવાહી થઈ રહી છે. કારણે એમને 50 બોલમાં 97 રન્સ કર્યા એની ચર્ચા તો છે જ પરંતુ સાથે સાથે 97 રન્સ કરતાં પણ વધારે એમણે યોગ્ય સમયે સમયની માંગ પ્રમાણે એમની યોગ્ય કાબેલિયત બતાવી એની વધુ ચર્ચા છે. જેના થકી ભારત સેમીફાઈનલ માટે ફાઈનલ સ્થાન મેળવી શકયું. આ વાતને એટલા માટે પ્રસ્તુત કરવા માંગું છે કારણ કે હાલ થોડા સમયમાં આવનારી JEE, NEET, Guject કે અન્ય પરીક્ષામાં આપણે પણ સંજુની જેમ ઓછા સમયમાં વધુ મહેનત કરી આપણી યોગ્ય ક્ષમતા બતાવીએ તો આપણી પણ ચોક્કસ ચર્ચા થશે જ. એક ગર્વની ક્ષણ હોઈ શકે. જેમ 50 જ બોલમાં 97 રન્સ યોગ્ય સમયે કર્યા તેવી જ રીતે આપણે પણ ઓછા સમયમાં વધુ મહેનત કરી પરીક્ષાનાં પરિણામોને ઉચ્ચ સ્તરે લઈ જઈએ.

**ધોળીકુઇ - પરેશ રાઠોડ**

## એરપોર્ટ અધિકારીઓ જાગૃત થાય!

હાલમાં જ બેંગકોકથી સુરત આવેલી ફ્લાઈટમાં બે સીટની નીચે પોલિથીન પેકેટમાં 1656.07 ગ્રામ ગાંજો જપ્ત કરાયો હતો. ગંભીર સવાલ એ ઉપસ્થિત થાય છે કે બેંગકોકથી એર ઈન્ડીયા ફસાઈ યા આટલા મોટા જથ્થામાં ગાંજો મુકાયો ત્યારે ફલાઈટના સત્તાધીશો શુ ચેકીંગ કરતા હતા આવી લાપરવાહી અને બેદરકારી સુરતની પ્રજા માટે ભવિષ્યમા મોટું જોખમને આમહિત કરી શકે છે. આ અંગે સંબંધીત એર ઈન્ડીયામાં સત્તાધીશોને સુરત શહેરની પ્રજાના હિતમા જાગૃત થઈને જરૂરી કડક કાર્યવાહી કરવી અનિવાર્ય બની છે.

**સુરત – રાજુ રાવલ**

## વિકાસના નામે પ્રકૃતિનું નિકંદન

મનુષ્યતા ખૂબ વિકાસ સાધી રહી છે. મનુષ્ય બહેતર જીવન પામી શકે તેના માટે ખૂબ જ ઓછુ વિચારાય રહ્યું છે. જ્યારે સમગ્ર મનુષ્યતાનું અનેક વાર નિકંદન નીકળી શકે એવા સાધનો અઢળક પ્રમાણમાં વિકસાવી ચૂકી છે. વર્તમાનમાં પૃથ્વી પટ્ટે ચાલી રહેલ યુધ્ધો જ તેનું પ્રમાણ બની રહે છે. વિકાસના નામે તમામ પ્રકારે પ્રકૃતિનું નિકંદન પણ નીકળી ચૂકયું છે.

પરિણામે મનુષ્યતાનું નિકંદન કાઢવામાં પ્રકૃતિ પણ સાથ આપી રહયાનું અનુભવાય રહ્યું છે. આપણે સૌ મનુષ્ય હોવાની ગુણવત્તાને વિસારે પાડી ચૂકયા છીએ પરિણામે આપણે જીવનના મૂલ્યોને એટલે નીચલી સપાટીએ લાવી મૂકયા છે કે જીવનના તમામ સ્તરે બધું જ વેરવિખેર થઈ ચૂકયુંછે. મનુષ્યતાનું નિકંદન કાઢી નાખતા વ્યર્થના વિકાસપર કયાંક પૂર્ણવિરામ મૂકવું જ પડશે. સહુજન હિતાય સહુજન સુખાયના સાચુકલા વિકાસ બાબત મનુષ્યતાએ વિચારવુ જ પડશે તે નક્કી.

**નવસારી - ગુણવંત જોષી**

## વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ જરૂરી છે

માનવ જીવનમાં વિચારશક્તિ અને સમજણનું મહત્વ ખૂબ મોટું છે. આજના આધુનિક યુગમાં જ્યાં વિજ્ઞાન ઝડપથી વિકાસ કરી રહ્યું છે, ત્યાં પણ અંધશ્રદ્ધાએ ઘણા લોકોના જીવનમાં પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. અંધશ્રદ્ધા અને વિજ્ઞાન એકબીજા કરતા સંપૂર્ણપણે વિરુદ્ધ છે, કારણ કે એક તર્ક વિના માન્યતાઓ પર આધારિત છે, જ્યારે બીજું પુરાવા અને પ્રયોગો પર આધારિત છે. અંધશ્રદ્ધા એટલે એવી માન્યતાઓ જેનો કોઈ વૈજ્ઞાનિક આધાર નથી. જે સામાન્ય રીતે અજ્ઞાન, ભય અને પરંપરાઓ પરથી ઉત્પન્ન થાય છે. જે સમાજમાં ગેરસમજ અને ભયનું વાતાવરણ ઊભું કરે છે. કહેવાતા જ્યોતિષીઓ, તાંત્રિકો આ નબળાઈઓનો ગેરલાભ ઉઠાવી અનેક પ્રકારનું શોષણ કરે છે. વિજ્ઞાન તર્ક, નિરીક્ષણ અને પ્રયોગો પર આધારિત છે. વિજ્ઞાન કોઈપણ વાતને સાચી માનતા પહેલા તેના માટે પુરાવા શોધે છે. આપણને સત્ય જાણવામાં મદદ કરે છે અને ખોટી માન્યતાઓ દૂર કરે છે.અંધશ્રદ્ધા માનવ વિકાસમાં અવરોધ ઊભો કરે છે, જ્યારે વિજ્ઞાન વિકાસનો માર્ગ ખોલે છે. અંધશ્રદ્ધા લોકોમાં ભય અને અજ્ઞાન ફેલાવે છે, જ્યારે વિજ્ઞાન જ્ઞાન, સમજણ અને આત્મવિશ્વાસ વધારે છે. તેથી, આજના યુગમાં આપણે અંધશ્રદ્ધાને છોડીને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અપનાવવો જરૂરી છે. સમાજના સર્વાંગી વિકાસ માટે આપણે વિજ્ઞાનને પ્રોત્સાહન આપવું અને દરેક વાતને તર્ક અને પુરાવાથી સમજવાની ટેવ વિકસાવવી જોઈએ, જેથી આપણે સાચા અર્થમાં પ્રગતિશીલ બની શકીએ.

**સુરત - સુનીલ શાહ**

## સમતુલન

માનવજીવનમાં દરેક તબક્કે સમતુલન કરવું જોઈએ, અલબત્ત અઘરી બાબત છે. એક ત્રાજવામાં વજન વધે તો બીજી તરફ તેની અસર જોવા મળે. ન્યાય કરવામાં પણ સમતુલા જાળવવી જ પડે. બન્ને પક્ષે દલીલ સાંભળીને ન્યાય આપવામાં આવે. આ કાયદા કાનૂનની વાત થઈ. બાળઉછેરમાં પણ બાળકોને કેટલીક છૂટ આપવી પડે. લાડપાન પણ જરૂરી. જ્યાં સંતાનમાં એક જ બાળક હોય ત્યાં મા-બાપ બાળકને એવાં લાડ કરે કે બાળકની દરેક ઈચ્છા પૂર્ણ કરે. આ સંજોગોમાં બાળક જિદ્દી બની શકે. માંગણી મુજબ સંતોષ ન થતા શિસ્તભંગ પણ કરી શકે. બાળકોને ધાર્યું કરવાની ટેવ ભવિષ્યમાં ભારે પડી શકે છે. બાળકને પ્રોત્સાહિત કરવું પડે પણ તેમાં પ્રમાણભાન ન રાખો તો બાળકને અન્યાય થઈ શકે. જરૂરી પ્રેરણા, પોત્સાહન અને માર્ગદર્શન આપવું જોઈએ. બાળકોનું માપ પણ જોવું જોઈએ. મોટાઓની વાત કરીએ તો નોકરી અને ઘર બન્નેમાં સમતુલન જળવાઈ તે જોવું જોઈએ. જાહેરજીવન અને અંગત જીવનમાં સમતુલન સાધવામાં સમજદારી છે. વાણી, વ્યવહારમાં, ચાલવામાં કે દોડવામાં કે જીવનના દરેક પગલે આપણે જ્યારે સમતુલન ગુમાવી દઈએ છે, ત્યારે આવનારા સુખથી દૂર થતાં જઈએ છીએ. ચાલો, જીવનમાં શિસ્ત સાથે બૅલેન્સ- સંતુલન જાળવણીને આગળ વધીએ.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

## દીકરી ને ગાય દોરે ત્યાં જાય

આજે પણ રૂઢિચુસ્ત વડીલોનું વર્ચસ્વ છે. બહેનોએ પોતાની વિવેક બુદ્ધિ અને સ્વતંત્ર માનસિકતા ગુમાવી દીધી છે. તેઓનો ઉછેર હવામાંના દેડકાથી વિશેષ નથી. પોતાની ઈચ્છિત શૈક્ષણિક ફેકલ્ટીમાં જતાં રોકું છે. પુરુષ ભણેલો ન હોય તો ચાલશે પણ સંપત્તિવાન હોવો જોઈએ. આ જ માનસિકતા લાક્ષણિક, શૈક્ષણિક શક્તિ ધરાવતી બહેનોને પીછેહઠ કરાવે છે.

**અડાજણ – અનિલ શાહ**